ક્રમાંકઃ જીઆઈડીસી/કા.નિ.(વિત.)/ઓએન્ડએમ/
સીઆઈઆર/પીઓએલ/વિતરણ/૪૫
ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ,
વડી કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
તારીખઃ ૦૩/૧૦/૨૦૧૨.

## // સુધારા પરિપત્ર //

વિષયઃ- નિગમની પ્રવર્તમાન તબદીલી ફી માં ફેરફાર કરવા બાબત.

સંદર્ભઃ- ૧. ક્રમાંકઃ જીઆઈડીસી/જ.મે.(વિત.)/ઓએન્ડએમ/સીઆઈઆર/પીઓએલ/વિતરણ/૨૮, તા. ૨૭/૭/૨૦૧૧.
૨. જીઆઈડીસી/જ.મે.(વિત.)/ઓએન્ડએમ/સીઆઈઆર/પીઓએલ/વિતરણ/૨૯, તા. ૨૭/૭/૨૦૧૧.
૩. ક્રમાંકઃ જીઆઈડીસી/કા.નિ.(વિત.)/ઓએન્ડએમ/ સીઆઈઆર/પીઓએલ /વિતરણ/૨૮ તા. ૨૪/૮/૨૦૧૨.

નિગમની વસાહતોમાં તા. ૨૭/૭/૨૦૧૧ ના સંદર્ભ હેઠળના પરિપત્રથી કેટલીક વસાહતોમાં તબદીલી ફી નાં ધોરણમાં સુધારો કરવામાં આવેલ છે. જેને કારણે વિવિધ વસાહતોમાં તબદીલી ફી ના ધોરણો અલગ બનતા હોઈ, તા. ૧૧/૦૭/૨૦૧૨ ના રોજ મળેલ નિગમની ૪૬૬મી સભામાં કાર્યસુચિ ક્રમાંકઃ ૪/ વિતરણ/૪૬૬ થી નિગમની વસાહતોમાં તબદીલી ફી નું સમાન ધોરણ રાખવા સાદર કરવામાં આવેલ. કાર્યસુચિ અન્વયે ઠરાવ ક્રમાંકઃ ૬૧/વિતરણ/૪૬૬/૨૦૧૨ થી તબદીલી ફી ના નવા ધોરણો દાખલ કરવાનું ઠરાવવામાં આવેલ છે, જે નીચે મુજબ છે. આ ઉપરાંત તા. ૨૯/૯/૨૦૧૨ ના રોજ મળેલ નિગમની ૪૬૮મી સભામાં અધ્યક્ષ સ્થાનેથી મુદ્દા નં. ૩ મુજબનો સુધારો સુચવવામાં આવેલ અને તે આધારિત ઉપરોક્ત સુધારા પરિપત્ર જારી કરવામાં આવે છે.

(૧) તબદીલીનો કોઈ કિસ્સો નિગમ સમક્ષ આવે ત્યારે પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ ઓએન્ડએમ/ સીઆઈઆર/ વિતરણ/પોલીસી/૧/(૦૮)/૦૭ તા.૩૧/૫/૨૦૦૮ માં દર્શાવ્યા મુજબની બિન ઔપચારિક તબદીલીના કિસ્સામાં દર્શાવેલ દર પ્રમાણે તબદીલી ફીના બદલે હવે પછીથી પ્લોટ/શેડના વપરાશના આધારે નીચે દર્શાવેલ કોષ્ટક મુજબ તબદીલી ફી વસુલ કરવાની રહેશે.

| ક્રમ | વપરાશનો સમયગાળો | વસુલ કરવાપાત્ર થતી તબદીલી ફીની રકમ |
|---|---|---|
| ૧. | તબદીલી કરનાર ધ્વારા ૫ (પાંચ) વર્ષ કરતા ઓછા સમયનો વપરાશ. | પ્રવર્તમાન વિતરણ દરના ૨૦ % લેખે. |
| ૨. | તબદીલી કરનાર ધ્વારા ૫ (પાંચ) વર્ષથી વધુ પરંતુ ૧૫ વર્ષ કરતાં ઓછા સમયનો વપરાશ. | પ્રવર્તમાન વિતરણ દરના ૧૫ % લેખે. |
| ૩. | તબદીલી કરનાર ધ્વારા ૧૫ (પંદર) વર્ષ કરતા વધુ સમયનો વપરાશ. | પ્રવર્તમાન વિતરણ દરના ૦૫ % લેખે. |

(૨) આધુનીક ટેકનોલોજી સાથે કુલ મુડી રોકાણના ૫૧ % હિસ્સો સીધુ વિદેશી મુડી રોકાણ ધરાવતા ઉદ્યોગો જો નિગમની કોઈપણ વસાહતનાં બિન વપરાશી પ્લોટ તબદીલીથી મેળવવા માગતા હોય તો તેવા કિસ્સાઓમાં ૨૦ % તબદીલી ફી વસુલ લેવાની રહેશે. આવા તમામ પ્રકારના કિસ્સાઓમાં પ્રથમ નિગમના ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીની મંજુરી મેળવવાની રહેશે.

(૩) જે ઉદ્યોગ છેલ્લાં ત્રણ વર્ષમાં તેના કુલ ટર્ન ઓવરનાં સરેરાશ ૫૧% એક્ષ્પોર્ટ કરતું હોય અને જો તે ઉદ્યોગ નિગમની કોઈપણ વસાહતમાં વણવપરાશી પ્લોટ તબદીલીથી મેળવવા માંગે તો તેવા કિસ્સામાં ૨૫% તબદીલી ફી લઈ ગુણદોષનાં આધારે આવી તબદીલીને મંજુરી આપી શકાશે.

આ ઉપરાંત આવા ઉદ્યોગોએ તબદીલીથી મેળવેલ પ્લોટ/શેડ ઉપર સ્થપાનાર ઉદ્યોગ ધ્વારા પ્રથમ ત્રણ વર્ષ માટે કુલ ટર્ન ઓવરના ઓછામાં ઓછા સરેરાશ ૫૧% એક્ષ્પોર્ટ કરવામાં આવશે તેવુ બાંહેધરીખત આપવાનું રહેશે. જો ઉદ્યોગ આમ કરવામાં નિષ્ફળ જશે તો તબદીલ થયેલ પ્લોટ તેઓએ નિગમને કોઈપણ વાંધા સિવાય પરત કરવાનો રહેશે.

(૪) ઉદ્યોગ સિવાય અન્ય હેતુ માટે " જેમ છે તેમ" ના ધોરણે જમીનની ફાળવણી કરવામાં આવેલ હોય અને નિગમની નીતિ પ્રમાણે વપરાશમાં આવી હોય એવી જમીનની તબદીલીની રજુઆત મળે તો નિગમની હાલની પ્રવર્તમાન નીતિ પ્રમાણે ઉપરના કોષ્ટક મુજબ તબદીલી ફી વસુલવાની રહેશે. આવા તમામ પ્રકારના કિસ્સાઓમાં નિગમના ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીની પ્રથમ મંજુરી મેળવવાની રહેશે.

(૫) ફકત વપરાશી ઔદ્યોગિક પ્લોટ/શેડની તબદીલીનો કોઈ કિસ્સા નિગમ સમક્ષ આવે ત્યારે ૨૦,૦૦૦ ચો.મી. સુધી પ્લોટ તથા તમામ પ્રકારના શેડની તબદીલીની સત્તા પ્રાદેશિક મેનેજરશ્રીની હસ્તક રહેશે અને ૫૦,૦૦૦ ચો.મી. સુધીના વપરાશી ઔદ્યોગિક પ્લોટ/શેડની તબદીલીની સત્તા વિભાગીય પ્રબંધકશ્રી, હસ્તક રહેશે. વપરાશી ઔદ્યોગિક મિલ્કતના ૫૦,૦૦૧ ચો.મી. થી ઉપરના તબદીલીના તમામ કિસ્સાઓ પ્રથમ વડી કચેરીએ ઉપા.અને વ.સં.શ્રીની મંજુરી અર્થે મોકલી આપવાના રહેશે.

(૬) વાણિજ્ય વપરાશી મિલ્કતના તબદીલી ના કોઈ કિસ્સા નિગમ સમક્ષ આવે ત્યારે ૫૦૦ ચો.મી. સુધી વપરાશી વાણિજ્ય મિલ્કતની તબદીલીની સત્તા પ્રાદેશિક મેનેજરશ્રી હસ્તક રહેશે જ્યારે વપરાશી વાણિજ્ય મિલ્કતની ૧૦૦૦ ચો.મી. સુધીની તબદીલી મંજુર કરવાની સત્તા વિભાગીય પ્રબંધકશ્રી હસ્તક રહેશે. વપરાશી વાણિજ્ય મિલ્કતના તબદીલીનાં ૧,૦૦૧ ચો.મી. થી ઉપરના તમામ કિસ્સાઓ પ્રથમ વડી કચેરીએ નિગમના ઉપા.અને વ.સં.શ્રીની મંજુરી અર્થે મોકલી આપવાના રહેશે.

સદર પરિપત્રનો અમલ નિગમના તમામ વિતરણ અધિકારીઓએ ચુસ્તપણે કરવાનો રહેશે. તેમજ પરિપત્ર મળ્યા અંગેની પહોંચ કાર્યપાલક નિયામકશ્રી (વિતરણ) ને પાઠવવાની રહેશે. સદર વિષયે ઉકત સંદર્ભ દર્શીત (૧) અને (૨) પરિપત્રો આથી રદ બાતલ ગણવાના રહેશે. આ પરિપત્રનો અમલ તાત્કાલીક અસરથી કરવાનો રહેશે.

સહી/-
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,

- નિગમના તમામા અધિકારીશ્રીઓ તરફ...
- પ્રમુખશ્રી,ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન,અમદાવાદ તરફ...જાણ તેમજ તમામ માન્ય ઔદ્યોગિક વસાહતોના મંડળોનાં પ્રમુખશ્રીઓને જાણ કરવા સારૂ.
- પ્રોગ્રામરશ્રી, કોમ્પ્યુટર શાખા, જીઆઈડીસી, વડી કચેરી, ગાંધીનગર... તરફ સદર પરિપત્ર નિગમની વેબસાઈટ ઉપર દર્શાવવા સારૂ.

રવાના શ્રી,
જનરલ મેનેજર (ઈએન્ડએ)
3/10